# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૯/ક્વા-૨/૨૧-૨૨/૫૩૯૨-૩ તા.૧૮-૦૯-૨૦૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ **(CGRF)**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**,** રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૧૯/ક્વા-૨/૨૧-૨૨**

અરજદાર : પુનમ ગીરીશભાઈ સોલંકી ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી : કાલાવડ રોડ
રજૂઆત કરનાર : અરજદાર પુનમબેન ગીરીશભાઈ સોલંકી અને તેમની સાથે પ્રજ્ઞાબેન લલીતભાઈ ગોહેલ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી **-** રાજકોટ શહેર**-**૩
રજૂઆત કરનાર : ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર શ્રી એન.ડી. રૂઘાણી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી **-** રાજકોટ શહેર**-**૩ અને તેમની સાથે નાયબ ઈજનેર શ્રી એસ.ડી.ઝાલા, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી **-** કાલાવડ રોડ હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧**)** ચેરપર્સન **-** શ્રી જે.બી**.** પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર **-** શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૪**-**૦૯**-**૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૪**-**૦૯**-**૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓના ઘર થી તદન નજીક આવેલ બે વીજટ્રાન્સફોર્મર અનેક વખત લેખિત મૌખિક અરજી કરવા છતાં ફેરવવામાં ન આવતા આ ફરિયાદ અરજદારે માનનીય શ્રી રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, તેમજ ગ્રાહક સુરક્ષા કોર્ટ તથા છેલ્લે વિદ્યુત લોકપાલ સમક્ષ ફરિયાદ કરતા, તેઓના સૂચવ્યા મુજબ સદર ફરિયાદ અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ રજુ કરેલ છે તે મુજબ ઘર પાસેના ૦૨

ટ્રાન્સફોર્મરથી જીવલેણ અકસ્માતનો ભય હોય તાત્કાલિક દુર કરવા સબંધિત અધિકારી ઉપર હુકમ કરવા પ્રાર્થના કરેલ છે

૨.૧ વધુમાં અરજદાર દ્વારા સદર બાબતે સબંધિત અધિકારી એક કચેરીથી બીજી કચેરી તથા એક કોર્ટ થી બીજી કોર્ટમાં જવા સુચન કરે છે જે ધ્યાને લઇ સદર ફરિયાદનો તાત્કાલિક નિકાલ કરવા અરજદારે ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે. અરજદારે સદર અરજીની સાથે ગુજરાત વિદ્યુત લોકપાલશ્રી ની કચેરીના પત્ર નં. ઓમ્બુડ્સમેન/૨૦૧૨ તા.૨૦.૦૭.૨૦૨૧ ની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. તેમજ NATIONAL CONSUMER DISPUTES REDRESSAL COMMISSION – GOVERNMENT OF INDIA ના પત્ર તા.૦૬-૦૧-૨૦૨૦ ની નકલ રજુ કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે પૂનમબેન સોલંકીએ તેઓના ઘર પાસેના બે ટ્રાન્સફોર્મર દૂર કરવા માટે ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે. જે બાબતે કાલાવડ રોડ સબડીવીઝન દ્વારા સ્થળ તપાસ નો અહેવાલ નીચે મુજબ છે. તેમજ સ્થળ તપાસ દરમ્યાન લેવાયેલ સાઈટના ફોટોગ્રાફ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૩.૧ કાલાવડ રોડ સબડીવીઝન દ્વારા તા.૨૩.૦૮.૨૧ના રોજ અરજદારની ફરિયાદ મુજબ સદર સ્થળ પર આવેલ બન્ને ટ્રાન્સફોર્મરની તપાસ કરવામાં આવેલ તે મુજબ ટ્રાન્સફોર્મર ફરિયાદીના ઘરથી ચાર થી પાંચ ફૂટ દૂર, પબ્લિક ગાર્ડન પાસે હયાત છે આમ ફરિયાદીના ઘરથી સલામત અંતરે ટ્રાન્સફોર્મર છે.

૩.૨ સદર વિસ્તારમાં લોડના પ્રમાણમાં જરૂરિયાત મુજબ ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવેલ છે. જે કોઈના ઘર પાસે ન રાખતા પબ્લિક કોમન ગાર્ડનની સામે રાખેલ છે. જેથી કોઈને અડચણરૂપ ન થાય. ઉપરાંત આ બન્ને ટ્રાન્સફોર્મરને અન્ય જગ્યાએ શિફ્ટ કરવા ટેકનીકલી ફીઝીબલ નથી. તેમજ બન્ને ટ્રાન્સફોર્મરનું તા.૨૩.૦૮.૨૧ના રોજ જરૂરી સમારકામ કરેલ છે. વધુમાં કાલાવડરોડ સબડીવીઝનમાં કયારેય પણ આ ટ્રાન્સફોર્મરમાં શોર્ટસર્કિટ થયેલ હોય તેવી ફરિયાદ નોંધાયેલ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદાર ગ્રાહક નં.૩૯૯૦૯/૧૧૮૫૫/૬ થી કાલાવડ રોડ પેટાવિભાગીય કચેરી હેઠળ ગીરીશ ગોપાલભાઈ સોલંકીનાં નામે રહેણાંક વીજજોડાણ ધરાવે છે. અરજદારની મુખ્ય ફરિયાદ તેઓના ઘરની બાજુમાં આવેલ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ઉભું કરાયેલ વીજ ટ્રાન્સફોર્મર માંથી ઘણી વખત તણખા નીકળતા હોય છે જેથી જીવલેણ અકસ્માત થવાનો ભય રહે છે. તેમજ સદર ટ્રાન્સફોર્મર પબ્લિક ગાર્ડનથી નજીક હોય અકસ્માત થવાની સંભાવના રહેલી હોવાથી અરજદાર દ્વારા સદર વીજટ્રાન્સફોર્મર સુરક્ષિત જગ્યાએ ખસેડવા માટે સંલગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે ફરિયાદ કરેલ હતી તેમછતાં પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ દ્વારા સદર વીજટ્રાન્સફોર્મરની જગ્યા ફેરબદલ કરવાના બદલે તેની પાસે બીજું વીજટ્રાન્સફોર્મર લગાવી દેવામાં આવ્યું. આમ બન્ને વીજટ્રાન્સફોર્મર જોખમી રીતે લગાવેલ હોય અને પબ્લિક ગાર્ડનથી નજીક હોય અકસ્માત થવાની સંભાવના રહેલી હોવાથી બન્ને વીજટ્રાન્સફોર્મર તેઓના ઘરથી દુરની જગ્યાએ ખસેડવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ઉપરોક્ત ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદારની સદર જગ્યા હૈયાત વીજ ટ્રાન્સફોર્મરથી સલામત અંતરે દુર આવેલ છે તેમજ સદર વીજ ટ્રાન્સફોર્મર પબ્લિક કોમન ગાર્ડનની જગ્યાથી પણ આશરે ૦૪ થી ૦૫ ફૂટ દુર આવેલ છે.

૪.૩ પી.જી.વી.સી.એલ. પક્ષકારની રજૂઆત મુજબ હૈયાત એક વીજ ટ્રાન્સફોર્મરની બાજુમાં ગ્રાહકોના કરારિત વીજભારની જરૂરિયાત મુજબ બીજું વીજ ટ્રાન્સફોર્મર ઉભુ કરવામાં આવેલ છે. તેમજ સદર બન્ને ટ્રાન્સફોર્મર અન્ય જગ્યાએ શિફ્ટ કરવા ટેકનીકલી ફીઝીબલ નથી.

૪.૪ અરજદારની ફરિયાદ અન્વયે સદર વીજ ટ્રાન્સફોર્મરનું વીજ સમારકામ તા.૨૩-૦૮-૨૦૨૧ ના રોજ કરી આપવામાં આવેલ છે. તેમજ સદર ટ્રાન્સફોર્મરમાં શોર્ટસર્કિટ થયેલ હોય તેવી ફરિયાદ નોંધાયેલ નથી.

૪.૫ ઉપરોક્ત બાબતોનો અભ્યાસ કરતા ભારત સરકાર દ્વારા પ્રકાશીત CENTRAL ELECTRICITY AUTHOURITY ( MEASURES RELATING TO SAFETY AND ELECTRIC SUPPLY) REGULATION 2010 મુજબ સદર ફરિયાદને આનુષાંગિક કલોઝ નં – ૬૧ નીચે મુજબ નોંધાયેલ છે.

**Clause No. 61. Clearances from buildings of lines of voltage exceeding 650 V.-**

**(1) An overhead line shall not cross over an existing building as far as possible and no building shall be constructed under an existing overhead line.**

**(2) Where an overhead line of voltage, exceeding 650 V passes above or adjacent to any building or part of a building it shall have on the basis of maximum sag a vertical clearance above the highest part of the building immediately under such line, of not less than-**

| | | | |
|---|---|---|---|
| **(i)** | **for lines of voltages exceeding 650 Volts up to and including 33,000 Volts** | **-** | **3.7 metres** |
| **(ii)** | **for lines of voltages exceeding 33 kV** | **-** | **3.7 metres plus 0.30 metre for every additional 33,000 Volts or part thereof.** |

**(3) The horizontal clearance between the nearest conductor and any part of such building shall, on the basis of maximum deflection due to wind pressure, be not less than-**

| | | | |
|---|---|---|---|
| **(i)** | **for lines of voltages exceeding 650 V up to and including 11,000 Volts** | **-** | **1.2 metres** |
| **(ii)** | **for lines of voltages exceeding 11,000 V and up to and including 33,000 V** | **-** | **2.0 metres** |
| **(iii)** | **for lines of voltages exceeding 33 kV** | **-** | **2.0 metres plus 0.3 metre fore every additional 33kV or part thereof** |

૪.૬ અરજદારની ફરિયાદ અન્વયે ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબ ની વિગતે, પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ઉભું કરાયેલ વીજ ટ્રાન્સફોર્મર – અરજદારના ઘરથી આડુ અને ઉભું અંતર (Horizontal and Vertical distance**)** સલામતી ના અંતર મુજબ છે કે કેમ તેની ખરાઈ કરવી. તેમજ જો ઉપરોક્ત નિયમાધીન અંતરથી ઓછુ અંતર હોય તો સલામતીના નિયમોને ધ્યાને લઈને વીજમાળખામાં જરૂરી ફેરફાર કરવો અન્યથા ટ્રાન્સફોર્મરના ૧૧ કે.વી.સાઈડના જમ્પર યોગ્ય ક્ષમતાના ઇન્સુલેટેડ કેબલના કરી આપવા તેમજ જરૂર જણાયતો ૧૧ કે.વી. એ.બી. સ્વીચના લોકેશનમાં ફેરફાર કરી આપવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ સદર ઉભેલ વીજટ્રાન્સફોર્મરની જગ્યાની માલિકી – રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની હોય – જેથી સદર વીજટ્રાન્સફોર્મર અન્ય જગ્યાએ ખસેડવા માટેની અરજી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મળ્યેથી આગળની જરૂરી નિયમાધીન કાર્યવાહી, ટેકનીકલ ફીઝીબીલીટી અને સલામતીને ધ્યાને રાખીને ભાવપત્રકની રકમ ભરપાઈ થયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા જરૂરી કાર્યવાહી કરવી.

૪.૮ તદઉપરાંત, અરજદારની ફરિયાદ મુજબ – જરૂરી વીજ સમારકામ સલામતીને ધ્યાને રાખીને સત્વરે પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ અને ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

**(એન.એચ.જોષી)**
**સભ્ય (સ્વતંત્ર)**

**(જે.બી.પારેખ)**
**ચેરપર્સન**

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯